# સુરત મહાનગરપાલિકા

**કાર્યપાલક ઈજનેર**
નવો પૂર્વ ઝોન(સરથાણા)
સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં,
શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ,
સરથાણા, સુરત.

ફોન : (ઓફીસ) + ૯૧ ૬૩૫૯૯૦૯૬૦૬
+ ૯૧ ૬૩૫૯૯૦૯૫૦૬

ઈ–મેઈલ:
exen.ez.north@suratmunicipal.org

ઈ.ઝેડ/ સંમતિ પત્ર/ નં. ૧૪૬૦
તા.૧૮/૦૬/૨૦૨૬

**–: સંમતિ પત્ર:–**

**પ્રતિ,**

**વિષય :–** નવો પૂર્વ ઝોન (સરથાણા) માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમમાં સમાવિષ્ટ વિસ્તારોમાં આવેલ વિવિધ ગાર્ડન અને શાંતિકુંજમાં બોર્ડ, બેનર, સ્ટીકર, ખાતમુર્હુત/લોકાપર્ણની તકતી તથા સાઈનેજ વિગેરે પુરા પાડવાના કામ બાબત.

**સંદર્ભ :–** (૧) સ્થા.સ.ઠ.નં.૫૯૪/૨૦૨૬, તા.૦૬/૦૩/૨૦૨૬ થી મંજુર થયેલ ભાવે અને શરતે
(૨) મે.ડે.મ્યુ.કમિશનરશ્રી તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજની મંજુરી

**મહાશય,**

નવો પૂર્વ ઝોન(સરથાણા) માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમમાં સમાવિષ્ટ વિસ્તારોમાં આવેલ વિવિધ ગાર્ડન અને શાંતિકુંજમાં જરૂરીયાત મુજબ બોર્ડ, બેનર, સ્ટીકર, ખાતમુર્હુત/લોકાપર્ણની તકતી તથા સાઈનેજ પુરા પાડવાના કામે સંદર્ભ (૧) મુજબ સ્થા.સ.ઠ.નં.૫૯૪/૨૦૨૬, તા.૦૬/૦૩/૨૦૨૬ થી મંજુર થયેલ ભાવે અને શરતોને આધિન રૂા.૫,૦૦,૦૦૦.૦૦ (**GST** સહિત) ની ખર્ચ મર્યાદામાં કામગીરી કરાવવાનું સંદર્ભ (૨) હેઠળથી મંજુરીથી મંજુર કરવામાં આવેલ છે. જે કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ તા.૨૫/૦૬/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫,૦૦૦ /– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે ફર્મનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના તથા ચાલુ કામના વર્કઓર્ડરની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૫. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતોને બંધનકર્તા રહેશે.
૬. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૭. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રેહેશે.
૮. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૯. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.
૧૦. સદર કામગીરી ઉકત મંજુર થયેલ યુનીટ રેઈટ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.

**-sd-**
**કાર્યપાલક ઈજનેર**
**નવો પૂર્વ ઝોન(સરથાણા)**
**સુરત મહાનગરપાલિકા**

**સ.ર. એકઝીકયુટીવ આસી.શ્રી, પ્રતિ,**
**આઈ.એસ.ડી. વિભાગ, મુખ્ય કચેરી**

**વિષય :– સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર સંમતિ પત્ર પ્રસિધ્ધ કરવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયેનવો પૂર્વ ઝોન (સરથાણા) માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમમાં સમાવિષ્ટ વિસ્તારોમાં આવેલ વિવિધ ગાર્ડન અને શાંતિકુંજમાં બોર્ડ, બેનર, સ્ટીકર, ખાતમુર્હુત/લોકાપર્ણની તકતી તથા સાઈનેજ વિગેરે પુરા પાડવાના કામ  આવા પ્રકારની કામગીરી કરતા ઈજારદારો પાસેથી સંમતિ મંગાવવા મે. ડે.કમિશ્નરશ્રીની તા.૧૮/૦૬/૨૦૨૬ ની મંજુરી મળેલ છે. જે સંમતિ પત્ર રજુ કરવાની અંતિમ તા.૨૫/૦૬/૨૦૨૬ રાખવામાં આવેલ છે. જે મુજબ સદરહું કામે મંગાવવા જોગ સંમતિ પત્રને સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી. જેની સોફટ કોપી ftp;//10.11.1.2/East Zone-B/Garden/Board Banner ફોલ્ડરમાં મુકવામાં આવેલ છે. જે આપશ્રીને વિદીત થાય.

**-sd-**
**કાર્યપાલક ઈજનેર**
**નવો પૂર્વ ઝોન(સરથાણા)**
**સુરત મહાનગરપાલિકા**